# ભારત-અમેરિકાની મિત્રતાનો નવો યુગ

નવી દિલ્હી,તા. ૨૭

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ આજે ભારતની ત્રણ દિવસની ઐતિહાસિક અને યાદગાર યાત્રાને સમેટી લીધી હતી. પોતાના સ્પેશિયલ વિમાન એરફોર્સ વનમાં બેસીને રવાના થતા પહેલા ઓબામા અને તેમના પત્નિ મિશેલે ફરી એકવાર હાથ જોડીને નમસ્કાર કરીને વિદાય લીધી હતી. વ્હાઈટ હાઉસે ઓબામા તરફથી ટ્વિટ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતના લોકોનો આભાર માન્યો હતો. આજે બપોરે બે વાગે ઓબામા અને મિશેલ સ્પેશિયલ કાર દ બિસ્ટ મારફતે વિમાની મથક પહોંચ્યા હતા. ઓબામાને વિદાય આપવા માટે પ્રધાન પીયુષ ગોયેલ પહોંચ્યા હતા. ઓબામા સાઉદી જવા રવાના થયા હતા. વ્હાઈટ હાઉસે મોડેથી કહ્યું હતુ ંકે, નરેન્દ્ર મોદીએ ઓબામાની યાત્રાને યાદગાર બનાવી દીધી છે. શાનદાર સ્વાગત બદલ મોદી અને ભારતના લોકોનો વ્હાઈટ હાઉસે આભાર માન્યો હતો. ઓબામાએ ભારત યાત્રા દરમિયાન વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. મોદી સાથે શિખર બેઠક, પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં હાજરી, બિઝનેસ સીઈઓની બેઠકમાં હાજરીનો સમાવેશ થાય છે. ગઈકાલે ઓબામાએ જાહેરાત કરી હતી કે, અમેરિકા ભારતમાં રિન્યુએબલ એનર્જીમાં બે અબજ ડોલરનુ રોકાણ કરશે સાથે સાથે રેલવે ઈન્ફ્રાસ્ટકચરમાં મદદરૂપ થવાની પણ જાહેરાત કરી છે. અમેરિકા આ વર્ષે જ જ એક ટીમ ભારત મોકલશે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ સોમવારે ભારત- અમેરિકા સીઈઓ ફોરમમાં આની જાહેરાત કરી હતી. મોદી અને ઓબામાએ બિઝનેસ સમિટને સંબોધન કરતા આ મુજબની વાત કરી હતી. ઓબામાએ ફોરમમાં મોદીની પ્રશંસા કરતા કહ્યુ ંહતું ક મોદીએ ભારતના નકશાનેબદલી નાંખવા માટે નવી ઉર્જા અને ઉત્સાહ જગાવ્યો છે. ભારતમાં કારોબાર વધે અને ઝડપી આર્થિક વિકાસ



થાય તે માટે માહોલ સર્જવામાં મોદીએ ભૂમિકા ભજવી છે. ઓબામાએ મોદીના સ્વચ્છતા અભિયાનની પણ પ્રશંસા કરી હતી. તેમણે જાહેરાત કરી હતી કે યુએસ ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ એજન્સી ભારતમાં રિન્યુએબલ એર્જી પ્રોજેક્ટ માટે બે અબજ ડોલર આપશે. ઓબામાએ કહ્યુ હતું કે અમેરિકા બન્ને દેશો વચ્ચે વધારે વેપાર, વધારે રોકાણને જોવા માટે ઈચ્છુક છે. આનાથી લોકોને ફાયદો થશે. ઓબામાએ કહ્યું હતું કે ભારત અનો અમેરિકા વચ્ચે સ્વાભાવિક તાલમેળ છે.અમે યોગ્ય દિશામાં આગળ વધી રહ્યા છીએ. ઓબામાએ કહ્યું હતું કે હજુ કેટલાક એવા ક્ષેત્રો છે જેમાં શક્યતાનો લાભ લઈ શકાયો નતી. ઓબામાએ બૌદ્ધિક સંપદાનો મુદ્દો ઉઠાવ્યો હતો. ઓબામાએ આજે તેમની યાત્રાના ત્રીજા દિવસે પણ કેટલાક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. ઓબામાએ આજે સાઉદી જતા પહેલા સિરિફોર્ટ ઓડિટોરિયમમાં બાળકો સાથે વાતચીત કરી હતી. તેમણે કહ્યુ હતું કે, ભારત અને અમેરિકા માત્ર સાચા મિત્રો જ નથી બલ્કે અમેરિકા ભારતના શ્રેષ્ઠ મિત્ર તરીકે બની શકે છે. ઓબામાએ નમસ્તે કહીને તેમના ભાષણની શરૂઆત કરી હતી. અણુ શસ્ત્રો વગર વિશ્વ રહે તેવો અમારો હેતુ છે.

## એચવન વિઝા તરફ ધ્યાન આપવા ઓબામાની ખાતરી

નવી દિલ્હી,તા. ૨૭

અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ આજે ભારતની યાત્રાને સમેટી લીધી હતી. અગાઉ ઓબામાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખાતરી આપી હતી કે એચ૧બી વિઝાના મામલે ભારતની ચિંતા પર અમેરિકા ધ્યાન આપશે. ઓબામાએ ખાતરી આપતા કહ્યું હતુ કે અમેરિકી ઈમિગ્રેશન સિસ્ટમમાં પોતાના વ્યાપક સુધારા હેટળ એચ૧બી વીઝાના મુદ્દે ભારતની ચિંતા પર અમેરિકા ધ્યાન આપવા ઈચ્છુક છે. અમેરિકી અધિકારીઓએ કહ્યુ હતું કે ઓબામાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હતુંછે કે તેમનુ વહીવટીતંત્ર એચ૧બી વીઝા સાથે જોડાયેલા મુદ્દા પર ધ્યાન આપીને તકલીફ દુર કરશે. અમેરિકાના નાયબ સુરક્ષા સલાહકાર બેન રોડ્સે ઓબામાની સાથે ભારત આવેલા અમેરિકી પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે એચ૧ બી એક એવો મુદ્દો છે જેના મામલે ઈમિગ્રેશન કાયદામાં વ્યાપક સુધાર હેઠળ તકલીફ દુર કરવામાંઆવનાર છે. બન્ને નેતાઓ વચ્ચે રવિવારે થયેલી વાતચીત અંગે તેમણે કહ્યું હતુ ંકે કેટલાક પાસા પર ભારતની ચિંતા તરપ ટોપ લેવલે ધ્યાન આપવામાં આવનાર છે. ગયા વર્ષે નવેમ્બરમાં અમેરિકી પ્રમુખ ઓબામાએ લાકોની સંખ્યામાં ગેરકાયદે અમેરિકામાં કામ કરી રહેલા લોકોને પ્રત્યાર્પણતી બચાવવા માટે અમેરિકાના ઈમિગ્રેશન સિસ્ટમમાં સુધાર માટે જોરદાર સુધારાની જાહેરાત કરી હતી.

આ યોજનાથી અમેરિકી નાગરિકો અને ગેર કાયદે સ્થાયી નિવાસી લોકોના માતાપિતાને દેશમાં અસ્થાયી રીતે રહેવાની તક આપવામાં આવનાર છે. આ વ્યવસ્થા એવા લોકો પર લાગુ થનાર છે તે છેલ્લા પાંચ વર્ષથી અમેરિકામાં રહે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે પરમાણુ પ્લાન્ટ અંગે નિર્ણય કંપનીઓને કરવો પડશે. ભારતમાં પરમાણુ વીજળી પ્લાન્ટ સ્થાપિત કરવાનો નિર્ણય કંપનીઓ જ કરશે.

## આસારામ પ્રકરણમાં સાક્ષી પરિવારની સુરક્ષાની માંગ

મુઝફ્ફરનગર,તા. ૨૭

સમગ્ર દેશને હચમચાવી મુકનાર આસારામ રેપ કેસમાં સાક્ષી અખિલ ગુપ્તાના પરિવારના સભ્યો દ્વારા ગુજરાત પોલીસ પાસેથી સુરક્ષાની માંગ કરવામાં આવી છે. આ કેસમાં સાક્ષી રહેલા અખિલ ગુપ્તાની હાલમાં જ હત્યા કરી દેવામાં આવી હતી. અખિલ ગુપ્તાના પરિવારના સભ્યોએ કહ્યું છે કે ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા પુરી પાડવામાં આવેલી સુરક્ષા સાથે તેઓ સહમત નથી. ગઈકાલે પત્રકારો સાથે વાતચીત કરતા ગુપ્તાના પત્નિ વર્ષાએ કહ્યું હતું કે તેઓ આસારામ સામે રેપ કેસમાં તપાસ કરનાર સીટના વડાનો સંપર્ક કરી ચુકી છે. તેમના જાન સામે ખતરો રહેલો છે તેવો દાવો ગુપ્તાના પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવ્યો છે. વર્ષાએ કહ્યું હતું કે ઉત્તરપ્રદેશ પોલીસ ખુબ ઉદાસીનરીતે તપાસ કરી રહી છે. તે હજુ સુધી આરોપીની ભાળ મેળવી શકી નથી. ૩૫ વર્ષીય ગુપ્તા આસારામનો અંગત સહાયક હતો અને કુક તરીકે કામ કરતો હતો. સુરતમાં આસારામ સામે થયેલા બળાત્કાર કેસમાં તે મુખ્ય સાક્ષી તરીકે રહ્યો છે. તેની થોડાક દિવસ પહેલા જ મુઝફ્ફરનગરમાં ન્યુ મંડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જનસાથ રોડ પર ગોળીબાર કરીને કેટલાક વણઓળખાયેલા લોકોએ ઘાતકી હત્યા કરી દીધી હતી. ગુપ્તા સીઆરપીસીની કલમ ૧૬૪ હેઠળ ગાંધીનગર કોર્ટમાં નિવેદન આપી ચુક્યો છે. આસારામ હાલ જેલમાં છે. તેમની સામે રેપના કેસ મામલે સકંજો મજબુત બની ચુક્યો છે. આસારામને હવે કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.

## અમેરિકા સાથેના સંબંધોને નવી દિશા મળી છે : મોદી

નવીદિલ્હી,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની ઐતિહાસિક યાત્રા પૂર્ણ થયા બાદ આજે ટ્વિટ કરીને કહ્યું હતું કે, ઓબામાની યાત્રાથી એક નવા યુગની શરૂઆત થઈ છે. ભારત અને અમેરિકાના સંબંધો નવી ઉંચાઈએ પહોંચ્યા છે. નવા પ્રકરણની શરૂઆત થઈ ગઈ છે. ઓબામાની યાત્રા શુભ રહે તેમ પણ કહ્યું હતું. આ અગાઉ ઓબામા રવાના થયા ત્યારે વ્હાઈટ હાઉસના ટ્વિટર હેન્ડલ પર ઓબામા તરફથી ટ્વિટ કરવામાં આવ્યા હતા જેમાં નરેન્દ્ર મોદી અને ભારતના લોકોનો શાનદાર સ્વાગત બદલ આભાર માનવામાં આવ્યો હતો. આજે ઓબામા અને મિશેલ સાઉદી જવા રવાના થયા હતા. બીજી બાજુ ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકી કંપનીઓને મેક ઈન ઈન્ડિયા માટે આમંત્રણ આપ્યુ ંહતુ. બીજી બાજુ મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે સરકાર અમેરિકી કંપનીઓ આડેની તમામ તકલીફ દુર કરશે. દેશમાં મુડીરોકાણ લાવવા માટે સ્તિરતા એક મહત્વપૂર્ણ ભાગ છે. આના કારણે અનેક સમસ્યા દુર થશે. મોદીએ કહ્યુ હતું કે ઈન્ફ્રાસ્ટચર અને કૃષિમાં બારે રોકાણથી અર્થતંત્રમાં સુધાર થશે. બિઝનેસ ફોરમની સંયુક્ત બેઠકમાં અમેરિકી કંપનીઓ દ્વારા કરવામાં આવેલા સૂચનોને મોદીએ તરત સ્વીકારી લીધા હતા. અમેરિકાની મહાકાય કંપનીઓના સીઈઓ દ્વારા કેટલીક અડચણો ભારતમાં રોકાણ આડેની રજૂ કરી હતી જેના જવાબમાં મોદીએ તેમની તમામ તકલીફો દૂર કરવાની વાત કરી હતી. મોદીએ તમામ મોટા પ્રોજેક્ટોમાં તેમના સ્તરે ધ્યાન રાખવાની અમેરિકાના અધિકારીઓની વિનંતી સ્વીકારી લીધી હતી. હવે તમામ મોટા પ્રોજેક્ટો ઉપર પીએમઓની સીધી નજર રહેશે અનો અમેરિકી કંપનીઓની તકલીફોને સૌથી પહેલા સાંભળીને દૂર કરાશે. ટેક્સ વ્યવસ્થાને પણ સરળ કરાશે. મોદીની ખાતરીથી અમેરિકી કંપનીઓને રાહત થઈ હતી.

## અમેરિકામાં પ્રચંડ હિમવર્ષા : હજારો ફ્લાઈટ રદ

ન્યુયોર્ક,તા. ૨૭

ઉત્તરપૂર્વ અમેરિકામાં પ્રચંડ-ભીષણ હિમવર્ષા અને બરફના તોફાનના કારણે છ કરોડ લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. સાથે સાથે હજારો ફ્લાઈટોને રદ કરવાની ફરજ પડી છે. જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાને પણ આ અંગે જાણ કરી દેવામાં આવી છે જે હાલમાં જ ભારતના પ્રવાસેથી સાઉદી જવા રવાના થયા છે. આગામી થોડાક દિવસ સુધી અમેરિકી લોકોને ખુબ મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. ન્યુયોર્કના મેયરે ચેતવણી આપતા કહ્યુ છે કે આ ઈતિહાસમાં સૌથી પ્રચંડ તોફાનના સ્વરૂપમાં ફેરવાઈ શકે છે. કેટલાક વિસ્તારો સંપૂર્ણ ઠપ થઈ ગયા છે. ફ્લાઈટવેર ડોટ કોમના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ૫૮૩૦થી વધારે ફ્લાઈટ રદ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૨ બાદથી સૌથી પ્રચંડ તોફાન તરીકે આનો ગણવામાં આવે છે. અમેરિકાની કુલ ૨૦ ટકા વસ્તીને અસર છે. અમેરિકામાં ઓછામાં ઓછા છ રાજ્યોમાં ઈમરજન્સીની જાહેરાત કરવામા ંઆવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ચેતવણી જારી કરવામાં આવી છે. ન્યુયોર્ક, ન્યુ જર્સી, કનેક્ટીકટ, રોડ્સ આઈલેન્ડ, ન્યુ હેમ્પસાયરમાં ઈમરજન્સીની જાહેરાત કરવામાં આવી છે. આ



તમામ વિસ્તારોમાં રહેતા લોકોને ઘરમાં રહેવા માટે કહેવામાં આવ્યું છે. ન્યુયોર્ક રાજ્યના ગવર્નર એન્ડ્યુ કુમોએ કહ્યું છે કે પ્રવાસ પ્રતિબંધની જાહેરાત કરવામાં આવી છે. કોસ્ટલ ફ્લડ વોર્નિંગ જારી કરવામાં આવી છે. વાહન ચલાવવા પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. ન્યુયોર્કની સબવે સિસ્ટમને બંધ કરવાનો નિર્ણય કરાયો છે. બિઝનેસના હેતુથી આવેલા હજારો બિઝનેસમેન અને વેકેશન માણવા માટે આવેલા હજારો લોકો અટવાઈ પડ્યા છે. બોસ્ટન અને ન્યુયોર્ક એરપોર્ટ સાથેની ૩૦૦૦ યુએસ ફ્લાઈટો રદ કરવામાં આવી ચુકી છે. જુદા જુદા પહેલાથી જ નક્કી કરવામાં આવેલા કાર્યક્રમોને રદ કરવામાં આવ્યા છે. ન્યુયોર્ક શહેરમાં સૌથી વધારે બરફ વર્ષ ૨૦૦૬માં પડ્યો હતો. એ વખતે લોકોની હાલત કફોડી બની ગઈ છે. રાષ્ટ્રીય હવામાન સર્વિસે ન્યુયોર્ક અને બોસ્ટન સહિત ન્યુ જર્સીતી લઈને કેનેડાની સરહદ સુધી બરફના તોફાની ચેતવણી જારી કરી છે. હાલમાં ભારતના પ્રવાસે રહેલા અમેરિકી પ્રમુખ બરાક ઓબામાને આ અંગે માહિતી આપી દેવામા ંઆવી છે. સમગ્ર અમેરિકી તંત્ર સંપૂર્ણ સાવધાન છે. ન્યુજર્સી ટ્રાન્સિટ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ટ્રેન અને બસ સેવા બંધ કરી દેવામાં આવી છે. જ્યાં સુધી સ્થિતિ નહીં સુધરે ત્યાં સુધી આ સેવા બંધ રહેશે. સ્કૂલોને પણ બંધ રાખવાનો આદેશ કરાયો છે. ન્યુયોર્ક શહેરના પ્રાણી સંગ્રહાલયને પણ બંધ રાખવાનો આદેશ કરાયો છે. ન્યુયોર્ક શહેર મેટ્રો પોલિટન વિસ્તારમાં ખરાબ હવામાનની માઠી અસર થઈ છે. તમામ સબવે, બસ અને રેલવે સેવા મેટ્રો-નોર્થ રેલ રોડ પર બંધ કરાઈ છે.

## સ્મૃતિ અને ઉમાની કેબિનેટ બેઠકમાં ૧૦૦ ટકા હાજરી


નવી દિલ્હી,તા. ૨૭

કેબિનેટ બેઠકમાં હાજરી આપવાના મામલામાં કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાની અને ઉમા ભારતી સૌથી આગળ રહ્યા છે. આ બંનેની કેબિનેટ બેઠકમાં ૧૦૦ ટકા હાજરી રહી છે. મોદીની ટીમમાં મહિલાઓની હાજરી ખુબ ઓછી હોવા છતાં કેબિનેટની બેઠકમાં હાજરી આપવાના સંદર્ભમાં તેમનો દેખાવ પુરુષ પ્રધાનોની સરખામણીમાં શાનદાર રહ્યો છે. એક અગ્રણી અંગ્રેજી અખબાર દ્વારા આરટીઆઈ મારફતે હાંસલ કરવામાં આવેલી માહિતીમાં આ મુજબની વિગત સપાટી ઉપર આવી છે. યુપીએ સરકારની સરખામણીમાં વર્તમાન મોદી સરકારના પ્રધાનો કેબિનેટની બેઠકોમાં વધારે હાજરી આપી રહ્યા છે. માનવ સંશાધન વિકાસપ્રધાન સ્મૃતિ ઈરાનીને જળ સંશાધન પ્રધાન ઉમા ભારતી કેબિનેટ બેઠકોમાં સૌથી વધારે હાજર રહેનાર પ્રધાન છે. મોદી સરકાર દ્વારા સત્તા સંભાળી લીધા બાદ ૨૭મી મેના દિવસે પ્રથમ કેબિનેટ બાદથી બંને મંત્રીઓ એક પણ કેબિનેટ બેઠકમાં ગેરહાજર રહ્યા નથી. સ્મૃતિ અને ઉમા ભારતી સતત સારો દેખાવ કરી રહ્યા છે.

## ૬૬માં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

નવી દિલ્હી, તા.૨૭

દેશભરમાં ગઈકાલે ૬૬માં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ઐતિહાસિક દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસના પ્રસંગે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ તિરંગો ધ્વજ લહેરાયો હતો. આ ગાળા દરમિયાન રંગારંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પાટનગર દિલ્હીના ઐતિહાસિક રાજપથ ઉપર પરેડ દરમિયાન ભારતીય સેનાએ પોતાની તાકાતનું પ્રદર્શન કર્યુંહતું. ભારતના રાષ્ટ્રપતિએ તિરંગો ધ્વજ લહેરાયો હતો અને પરેડની સલામી લીધી હતી. રાજપથ તિરંગાના રંગમાં રંગાઈ જતાં લોકોએ ગર્વ અનુભવ કર્યો હતો. બીજી બાજુ સૈન્ય પરેડ અને સાંસ્કૃતિક વિવિધતાની તાકાતને જોવા માટે અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા આ વખતે મુખ્ય મહેમાન બન્યા હતા. પાટનગર દિલ્હીમાં રાજપથ ખાતે ત્રણે સેના, અર્ધલશ્કરીદળો, પોલીસ દળ, બાળકોની પરેડ શાનદાર રહી હતી. આ વખતે અગ્નિ અને પૃથ્વી મિસાઈલો રજૂ કરવામાં આવી ન હતી પરંતુ ભારતીય સૈનાએ પોતાની તાકાતનો પરિચય આપ્યો હતો. રંગબેરંગી ઝાકી અને બાળકોના રંગારંગ કાર્યક્રમોએ તમામનું ધ્યાન ખેંચ્યું હતું. રાજપથની બંને બાજુ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. દેશના અન્ય ભાગોમાં પણ પરંપરાગત રીતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વખતે જુદી જુદી ઝાંકીઓમાં વડાપ્રધાન નરેન્દ્ર



મોદીની મહત્વકાંક્ષી યોજનાઓને રજૂ કરવામાં આવી હતી. જેમાં મેક ઈન ઈન્ડિયા, સ્વચ્છ ભારત અને પ્રધાનમંત્રી જન ધન યોજનાનો સમાવેશ થાય છે. ઉપરાંત ઝાંકીઓમાં બુલેટ ટ્રેનની રજૂઆત કરવામાં આવી હતી. આ વખતે મહિલા સશક્તિકરણના ભાગરૂપે મહિલાઓએ પણ પરેડમાં ભાગ લીધો હતો. ત્રણ સેનામાં મહિલા ટુકડીમાં પરેડમાં નજરે પડી હતી. રાજપથથી ઐતિહાસિક લાલ કિલ્લા સુધી સોમવારે પરંપરાગતરીતે પ્રજાસત્તાકની પરેડ દરમિયાન જુદા જુદા રાજ્યોની ઝાંખીઓ પણ રજૂ કરવામાં આવી હતી જેમાં સાંસ્કૃતિકના દર્શન થયા હતા. દુનિયામાં સૌથી વધારે સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા ભારતની સાંસ્કૃતિક, કલા, સંગીત અને તહેવારની ઝલક નજરે પડી હતી. વિજયચોકથી ઐતિહાસિક લાલકિલ્લા સુધી બંને બાજુએ મોટી સંખ્યામાં લોકો ઉત્સાહિત દેખાતા હતા. પરંપરાગત રીતે ભારતની એકતા અને સંસ્કૃતિ રજૂ કરવામાં આવી હતી. સૈનાએ શાનદાર પરેડ યોજી હતી. જુદી જુદી જાતિના લોકો આમા ઉમટી પડ્યા હતા. પરેડના આઠ કિલોમીટર સુધીના રસ્તામાં બાળકો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકોના ચહેરા ઉપર ચમક અને ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. રાષ્ટ્રપતિએ પરેડની સલામી લીધી હતી. ઈન્ડિયા ગેટ ઉપર અમર જવાન જ્યોતિ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પુષ્પાંજલિ અર્પણ કરીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીએ વડાપ્રધાન તરીકે પ્રથમ પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. પ્રમુખ ઓબામા સાથે તેઓ નજરે પડ્યા હતા.

## સમાચાર ઝલક

- ગાંધીનગરમાં આઈ.આઈ.ટી. માટે અમેરિકાની સહાય મળવાની અપેક્ષાઓ.
- પોરબંદરમાં પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના હસ્તે સાંદિપની એવોર્ડ એનાયત કરાયા.
- ગુજરાતમાં વિનાશક ભુકંપની ૧૪મી વરસીએ ઠેર ઠેર પ્રાર્થના સભાઓ યોજાઈ.
- કેશોદમાં વસંતપંચમીએ ૧૪ સ્થળોએ તસ્કરોએ તરખાટ મચાવ્યો.
- ગુજરાતમાં સ્વાઈન ફ્લુ માટે ખાનગી તબીબોને પણ એલર્ટ રહેવા જણાવાયું.
- કચ્છના રણના પટામાં નર્મદા કેનાલનું પાણી ફરી વળતાં મીઠાના અગરોને લાખોનું નુકશાન.
- ત્રણ ગુજરાતી ટીનેજર અમેરિકામાં સાયન્સ અને મેથ્સની પ્રતિષ્ઠા કોમ્પિટીશનની ફાઈનલમાં.
- અમદાવાદમાં ૨૦૧૪ના વર્ષમાં માર્ગ અકસ્માતમાં ૨૪૯નાં મોત નીપજયા.
- ઈડરના જૈન દેરાસરમાં ૧૫૦ કિલો ચાંદીની ચોરી થઈ.
- હાંસોટમાં ગેરકાયદેસર બનાવેલા તળાવો તોડવાની કામગીરી શરુ કરાઈ. અથડામણની અસર.
- દિલ્હીમાં પરેડ દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનીટી ટેબ્લો ખુબ જ આકર્ષણનું કેન્દ્ર બન્યો.
- ચુંટણી અંગેના કોમનવેલ્થ સેમિનારમાં ગુજરાતના બે સનદી અધિકારીઓની પસંદગી.
- મહારાષ્ટ્રના કોલ્હાપુર જિલ્લામાં વહુને સળગાવી મારવા માટે ૭૫ વર્ષની સાસુને સજા ફટકારતી સુપ્રિમ.
- માલદ્વીવ ટાપુ પર ૪ની તીવ્રતાવાળો ભુકંપ.
- હવેથી કાંડા ઘડિયાળ તમારી ફીટનેસ તથા એક્ટીવીટી ઉપર નજર રાખીને જાણ કરશે.
- મને લેબલવાળા નહીં પણ લેવલવાળા વધારે ગમે છે : પૂ. મોરારીબાપુ.

### Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

'ગુજરાત દિપોત્સવી'ના આ બધા વર્ણવેલા કિસ્સાએ મારો ઉત્સાહ વધાર્યો છે... મેં વાત આત્મશ્લાધા માટે નથી કરી. મારા વખાણ કરી તમને આંજવાની વાત નથી. મેં આ વાત અને વિષય એટલે મુક્યો છે કે એક સર્જકને જયારે એની રચના કોઈ પ્રતિષ્ઠિત અંકના પ્રસિદ્ધ થાય અને ભાવકો સુધી પહોંચે અને શુભેચ્છાઓ મળવા લાગે કે વાહ... વાહ... જોરદાર, એ દાદ એ એનો શ્રેષ્ઠ ઉપહાર છે, એક સર્જકને એની કૃતિ તૈયાર કરતાં કેટલુંય મનોમંથન, શબ્દો, લય, છંદ બધાંને મેળવવા પડતાં હોય છે, વાર્તામાં ભાવ-લાગણી પ્રગટાવવા પડતાં હોય છે... અને જયારે એની શાબાશી મળે પીઠ થાબડે ત્યારે એ ખુલી - ખીલી ઊઠતો હોય છે... સર્જકોને ભાવકો સુધી પહોંચાડતાં દરેક માધ્યમોને સલામ... 'ગુજરાત દિપોત્સવી' દ્વારા ગુજરાતી જાણતા લોકો સુધી પહોંચવાનું ભાગ્ય અનેક સર્જકોને મળ્યું છે... છેલ્લે, તમને જો કોઈ સર્જકની રચના - કૃતિ - વાર્તા ગમે તો એકાદ ફોન કરી લેજો, સર્જકને ઉપહાર મળી જશે!!

**ચૂંટલો :**

ભાવકો અને શ્રોતાઓને શ્રેષ્ઠ સાહિત્ય સર્જક મળે એ માટે સર્જકો પોતાના સમયનો ભોગ આપી રચના - કૃતિઓમાં પ્રાણ પ્રતિષ્ઠા કરતાં હોય છે એને યથાયોગ્ય દાદ આપવા એકાદ ફોન, મેસેજ જેટલો સમય અને સૌજન્યતા વાંચકોએ બતાવવી જ રહી.

### ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

પ્રીતિ કહે છે કે મારા લગ્ન પહેલા મા-બાપના ઘરે હું ટુ-વ્હીલર અને કાર ચલાવતી જ હતી. મને વાહન ચલાવતા આવડે છે. આમ છતા મારો પતિ મને દરરોજ સવારે ઓફિસે મૂકવા અને સાંજે લેવા માટે આવે. બહારથી જોનારને એમ જ લાગે કે પતિ મારી કેટલી બધી કાળજી રાખે છે. પરંતુ આ કાળજી નહી કારાવાસની ફિલિંગ્સ છે. હું એકલી ઘરની બહાર ક્યાંય જઈ જ ન શકું. કેમ કે હરિકૃષ્ણ મારી જોડે ને જોડે જ બધે આવે. મારે શોપિંગ કરવાનું હોય તો પણ સાથે આવે. મારે બ્યુટી પાર્લર જવાનું હોય તો પણ સાથે આવે. કોઈ બહેનપણીના ઘરે જવું હોય તો પણ સાથે આવે. મારી ઓફિસમાં હું સ્વતંત્ર શ્વાસ લઈ શકું. ઘરે આવ્યા પછી તો મને જાણે એમ જ લાગે કે હું જેલની ચાર દીવાલોમાં કેદ થઈ ગઈ છું. એકલી ક્યાંય બહાર જવાનું જ નહી. દુનિયાની નજરમાં હું નસીબદાર ગણાઉં અને બધા મને કહે પણ ખરા કે તું ખુબ કિસ્મતવાળી છે. મારી બહેનપણીઓ સાથે હું ક્યાંય બહાર જઈ શકું નહી. મારા ઘરમાં હું કિટ્ટી પાર્ટી ઓર્ગેનાઈઝ કરીને બધી બહેનપણીઓને આમંત્રિત કરી શકું. પરંતુ મારી ફ્રેન્ડઝમાંથી કોઈના ઘરે આવી પાર્ટી હોય તો મારો પતિ મને એમ કહે કે તું જઈશ તો હું એકલો પડી જઈશ. આમ બાહ્ય દષ્ટિએ પ્રેમ જણાય. પરંતુ તેનો મને એકલી જવા દેવાનો સાફ ઈન્કાર જ હોય. મારી ફ્રેન્ડઝને પણ અહેસાસ ન થાય કે હું સુખી છું કે દુઃખી છું. કદાચ હું પતિ અને પરિવાર માટે રુપિયા કમાઈ લાવનાર જાદુઈ ચિરાગ જેટલું જ મહત્વ ધરાવું છું.

પ્રીતિ અને હરિકૃષ્ણ એ આપણા સમાજની આ વાસ્તવિકતા છે. બધા પતિ-પત્ની વચ્ચે આ પ્રકારના સંબંધો હોય એવું કહેવાનો આશય નથી. પરંતુ આજે એકવીસમી સદીમાં પણ પ્રેમના નામે દંભ અને લાગણીના નામે છેતરપિંડી થતી રહે છે. જેમાં પુરુષની અથવા સ્ત્રીના આસપાસના લોકોની નાટકીય અભિનય સાથેની રજુઆત જ એવી હોય છે કે સ્ત્રીને એ હકીકત સમજવામાં ઘણું મોડું થઈ જતું હોય છે. અથવા સ્ત્રી બધું જ જાણતી અને સમજતી હોવા છતા પ્રેમના નામે પતિ યા પુરુષ થકી લાગણીની રીતે છેતરાતી રહે છે. જે રસ્તો જ અસત્યનો હોય એ જાણવા છતા સ્ત્રી સમર્પણ પસંદ કરે છે અને અસત્યનો રસ્તો છોડતી નથી યા છોડવા માટે બહુ મોડું થઈ ચુક્યું હોય. જીવનની સરેરાશ આ વાસ્તવિકતા છે.

**સ્ટોપરઃ-**

તમે પ્રેમમાં રસબસ રહો, ભરપુર રહો. પ્રેમ તમને જીવન જીવવાનો રાહ બતાવે છે. પ્રેમ તમને ઘણું બધું શીખવે છે. પ્રેમમાં શંકા હોય તો એ માર્ગ છોડી દો. કારણ કે પ્રેમ શંકા નથી. પ્રેમ સમસ્યા નથી, સમાધાન છે.

- ઓશો